

ડો.સૂજલ શાહ
(M.S. M.Ch)
(વાસ્કયુલર એન્ડ
એન્ડોવાસ્કયુલર સર્જન)



LETS SAVE LEGS & LIVES

ઈંડોવાસ્ક હોસ્પિટલ
સેંટર ફોર વેઇન્સ એન્ડ વાસ્કયુલર સર્જરીઝ


૩૦૨, ત્રીજો માળ, શીતલ વર્ષા-૫, પી.સી. જવેલર્સની સામે,
શીવરંજની ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦૦૧૫
સંપર્ક : +૯૧ ૮૧૪૧ ૨૮૮ ૩૮૮
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૦૪.૦૦ થી ૬:૦૦ (એપોઇન્ટમેન્ટ લઇને આવવું)




LETS SAVE LEGS & LIVES

# ઈંડોવાસ્ક વેઇન ક્લિનીક

## જાણો " વેરીકોઝ વેઇન્સ " અને તેની અધતન સારવાર વિશે

ડો.સૂજલ શાહ (M.S. M.Ch)
(વાસ્કયુલર એન્ડ એન્ડોવાસ્કયુલર સર્જન)

ઈંડોવાસ્ક હોસ્પિટલ
સેંટર ફોર વેઇન્સ એન્ડ વાસ્કયુલર સર્જરીઝ



**ઓ સૂરજ ચંદ્ર સિતારાઓ**

**ઓ આકાશે ફરનારાઓ,**

**આ ધરતી પર ચાલી તો જુઓ,**

**જ્યાં સાંજ સવારે ચાલુ છું.**

મનુષ્યના પગ એટલે ઈશ્વરે બક્ષેલી એક અમૂલ્ય ભેટ, અસંખ્ય જટિલ રચનાઓનો ઉત્કૃષ્ટ નમૂનો એટલે આપણા પગ,
**શું પગ વગરના તમારા શરીરની કલ્પના પણ કયારેય કરી છે ? ચાલશે ???**

પગના દુ:ખાવા, સોજા, ચાંદા તેમજ ગ્રેંગીન - આ ચાર સામાન્યત: પગને લગતી તકલીફો છે.

પગમાં હાડકાં, સ્નાયુ અને ચામડી ઉપરાંત ચાર જાતની નસો આવેલી હોય છે.


૧. ધમની - શુદ્ધ લેહીની નસો (Arteries)
૨. શિરા - અશુદ્ધ લોહીની નસો (veins)
૩. ચેતાતંતુ - મગજ તથા કરોડરજ્જુની નસો (nerves)
૪. લસિકાગ્રંથિ - (Lymphatics)


આપણે વાત કરીશું શિરાની બિમારીઓની :
**મુખ્યત્વે વેરીકોઝ વેઈન વિશે.**

# વેરીકોઝ વેઈન્સ

શું તમે ક્યારેય તમારા પગને ધ્યાનથી જોયા છે ?
લાલ, નીલા ભૂરા રંગની ઉપસેલી નસો દેખાય છે ?
જો હા, તો તમને **વેરીકોઝ વેઈન્સ** છે.
વેરીકોઝ વેઈન્સ શરીરના કોઈપણ ભાગમાં દેખાઈ શકે છે.
પરંતુ તે મુખ્યાત્વે પગમાં અને ઘૂંટણના પાછળના ભાગમાં વધુ જોવા મળે છે.

**“ વેરીકોઝ વેઈન્સ એટલે,**
**વાંકી ચૂંકી અને પહોળી થયેલી શિરા જેના વાલ્વ કાયમ માટે પહોળા તથા ખામીયુક્ત થયેલ છે.”**







સામાન્યત : હૃદયમાંથી પમ્પ થેયલું ઓક્સીજનયુક્ત શુદ્ધ લોહી ધમની વાટે પગમાં આવે છે અને સ્નાયુ, હાડકા, ચામડીમાં વપરાયા બાદ શિરાઓ આ લોહીને આખા શરીરમાંથી હ્રદય અને ફેફસાં તરફ પાછું ધકેલે છે. ગુરુત્વાકર્ષણને લીધે આ વળતો પ્રવાસ અઘરો બને છે, ખાસ કરીને જ્યારે આપણે ઉભેલા કે બેઠેલા હોઇએ ત્યારે લોહીને હૃદય સુધી પહોંચાડવા શિરાને ખૂબ કામ કરવું પડે છે.

આ માટે કુદરતી રીતે શિરામાં વન-વે વાલ્વ આવેલા છે, જે લોહીને ઉપર તરફ ધકેલવામાં મદદ કરે છે. જ્યારે આપણે શ્વાસ લઈએ ત્યારે વાલ્વ ખૂલે અને લોહી ઉપર ચઢે અને જ્યારે શ્વાસ છોડીએ ત્યારે વાલ્વ બંધ થઈ લોહીને નીચે પડતું રોકે છે.

હવે જો કોઈ કારણોસર પગનાં આ અગત્યનાં વાલ્વ સક્ષમ રીતે કામકરવાનું બંધ કરીદે, અને પહોળા થઈ જાય તો લોહીનો પ્રવાહ ઉલટી દિશામાં વહે છે.નસો ફૂલવા માંડે છે અને લાંબી થાય છે જેથી ઓછી જગ્યામાં સમાવા જતાં તે વાંકી ચૂંકી થઈ જાય છે- જેને **વેરીકોઝ વેઈન્સ** કહે છે.




તે ભૂરી કેમ દેખાય છે ? કારણકે એમાં ઓક્સજન વગરનું લોહી છે, જે શુદ્ધ થવા ફેફસામાં જવું જોઈતું હતું પરંતુ કામ ન કરનારી નસના લીધે એનો પગમાં ભરાવો થવા લાગે છે.

**સ્પાઈડર વેઈન્સ** એ વેરીકોઝ વેઈન્સનું નાનું સ્વરૂપ છે જે ચામડીની અંદર આવેલી નસો છે.

## વેરીકોઝ વેઈન્સના શું લક્ષણો છે?

વેરીકોઝ વેઈન્સ એ ચામડીની નીચે આવેલી વાંકી-ચૂંકી તેમજ પહોળી થયેલી ભૂરા રંગની નસો છે. કેટલાક લોકોને નસો દેખાવા સિવાય કોઈ તકલીફ હોતી નથી.

મોટા ભાગના લોકોને નીચે મુજબની તકલીફો જોવા મળે છે. (Symptoms )
**(૧) પગમાં ભારેપણું , કળતર, દુઃખાવો, થાક લાગવો**
**(૨) પગના નીચેના ભાગમાં અને ઘૂંટી પાસે સોજો.**
**(3) નસની ઉપર ખંજવાળ આવી**

આ તકલીફો વધુ લાંબો સમય બેઠા કે ઉભા રહેવાથી વધે છે, અને સાંજે વધુ તકલીફ આપે છે. વધુ સિરિયસ તકલીફો માં...
(જો કાળજી ન કરવામાં આવે અને વેરીકોઝ વેઈન્સનું સ્ટેજ આગળ વધે તો...)

**આખા પગનો સોજો**
**સ્નાયુમાં ક્રેમ્પ્સ આવવા (નસ ચઢી જવી)**
**ચામડીમાં થતા ફેરફાર જેમકે,**
**- કલર બદલાવો**
**- સૂકી અને પતલી ચામડી**
**- પોપડા થવા**
**- લાલાશ થવી - સોજો દેખાવો**
**- બળતરા થવી**
**- ચાંદુ પડવું - પાક થવો. ( વીનસ અલ્સર )**



**વેરીકોઝ વેઈન્સના ૬ સ્ટેજ છે.**




**સ્ટેજ ૧ અને ૨** | **સ્ટેજ ૩** | **સ્ટેજ ૪** | **સ્ટેજ ૫ અને ૬**

## વેરીકોઝ વેઈન્સ થવાની વધુ કોને સંભાવના છે?

(૧) **ઉંમર** - વધતી ઉંમર સાથે નસોની દિવાલ નબળી પડતાં ફૂલે છે.
(૨) **પ્રેગ્નંસી** (સગર્ભાવસ્થા) - ગર્ભાવસ્થામાં શરીરમાં લોહી વધે છે, અંતસ્ત્રોવોની અસરથી નસો ફૂલે છે, પગમાંથી શરીરમાં જતું લોહી અવરોધાય છે, અને વેરીકોઝ વેઈન્સ થઈ શકે છે.
(3) **સ્ત્રી** - ગર્ભવસ્થા અને મેનોપોઝ સ્ત્રી અંતસ્ત્રોવો નસોને પહોળી કરી શક છે.
(૪) **વારસાગત** - માતા-પિતા બંનેને વેરીકોઝ વેઈન્સ હોય તો સંતાનોમાં વેરીકોઝ વેઈન્સ થવાની ૮૦% શક્યતા છે. માતા કે પિતા એકને જ વેરીકોઝ વેઈન્સ હોય તો ૫૦% શક્યતા રહે છે.
(૫) સ્થૂળતા (Obesity) મેદસ્વીપણું - મેદસ્વીપણથી નસો પર વધુ જોર પડે છે.
(૬) વધુ ઉભા રહેવું કે બેસવાનું ધંધો સ્વાભાવિક રીતે નસો પર વધુ શ્રમ પડે છે. (શિક્ષક, ફેરીયા, પોલીસ, ડોકટર્સ, દુકાનદાર)
(૭) કાયમની ખાંસી / કબજીયાત.

### ટ્રીટમેન્ટની જરૂરીયાત ક્યારે છે ?

આધુનિક મેડીકલ સાયન્સ તથા લાખો લોકો પર થયેલું રિસર્ચ (સંશોધન) એમ પુરવાર કરે છે કે સ્ટેજ-૨ (પહોળી થયેલી નસો) કે ૨ થી વધારે સ્ટેજની સારવાર કરવી જોઈએ જેથી આગળ જતાં તકલીફ વધે નહી.

વેરીકોઝ વેઈન્સમા નીચે મુજબ તકલીફો થઈ શકે છે.
**(૧) બ્લીડીંગ (નસ ફાટવી)**
**(૨) કલોટીંગ (નસમાં લોહી ગંઠાવું)**
**(3) સ્ટેજ-૨ માંથી ૩,૪,૫,૬ તરફ બિમારી વધવી**
**(૪) વીનસ અલ્સર - લોહીના ભરાવાથી થવું ચાંદુ**
**(૫) બેકટેરીયલ - ફંગલ ઈન્ફેક્શન - પાણીના ભરાવાથી (Edema) ઇન્ફેક્શન થવાની શકયતા વધી જાય છે.**

આ ૫ કારણોસર વેરીકોઝ વેઈન્સનો ઈલાઝ કરવો જોઈએ.

### વેરીકોઝ વેઈન્સ માટે કઈ તપાસ કરવામાં આવે છે ?



**વીનસ ડોપ્લર સ્કેન**
આ પગની નસની ખાસ સોનોગ્રાફી છે.
જેમાં તમારી નસ તેમજ વાલ્વ ચેક કરવામાં આવે છે.

## વેરીકોઝ વેઈન્સની ટ્રીટમેન્ટ શું છે ?

(A) શરૂઆતના સ્ટેજમાં મેડીકલ કમ્પ્રેશન સ્ટોકીંગ્સ (ખાસ પ્રકારનાં પ્રેશરવાળા મોજાં) પહેરીને તમે નસોને વધુ પહોળી થવાથી રોકી શકો છો. પરંતુ નિયમિત સ્ટોકીંગ્સ પહેરવા ખૂબ જ જરૂરી છે.

Stockings બે જાતના હોય છે.

(1) Knee length



(2) thigh length






જે દર્દી સ્ટોકીંગ્સ ના પહેરી શકે તેઓ ગુલાબી પાટો (crepe bandage)બાંધીને ચલાવી શકે છે.



(B) PMFF/ Diosmin/ Calidob

પગના દુ:ખાવા - કળતરમાં ગોળી લેવાથી થોડા ઘણાં અંશે રાહત રહે છે. તેમજ સોજા અને ચાંદાના દર્દીઓની રીકવરીમાં ઝડપ લાવી શકાય છે. પરંતુ દવા-ગોળી લેવાથી પહોળી થયેલી નસો ક્યારેય સંકોચાતી નથી.

**"વેરીકોઝ વેઈનનો કાયમી ઇલાજ દવા-ગોળી નથી. એના માટે એનું સ્પેશીયલ ઓપરેશન કરવું જ પડે."**
હા, આપ નિયમિત સ્ટોકીંગ્સ પહેરી તેમજ પગની કસરત (calf strengthering) કરી પગને સાચવી શકો છો અને ટ્રીટમેન્ટને પાછળ ધકેલી શકો છો. મતલબ, વેરીકોઝ વેઈનનો ઇલાજ એ ઈમરજન્સી  નથી પણ ઇલેક્ટીવ પોસીજર છે.

## વેરીકોઝ વેઈન્સનો કાયમી ઈલાજ શું છે.


**(1) RF Ablation / LASER**
**(2) USG Guided Foam sclerotherapy**
**(3) Phlebectomies**
**(4) Stripping**

પહેલાનાં જમનામાં માત્ર સ્ટ્રિપીંગ દ્વારા વેરીકોઝ વેઈન્સની સારવાર થતી દર્દીને બેહોશ કરી ઝાંઘ તથા પગમાંથી મેટલનો વાયર નાખી ઓપરેશન દ્વારા નસ કાઢવામાં આવતી, જેમાં ટાંકા આવતા અને રીકવરીમાં ૩ થી ૪ અઠવાડિયા લાગતા.

આધુનિક વિજ્ઞાને કરેલી પ્રગતિના ફળ સ્વરૂપે અમે ટોટલી મિનિમલ ઇન્વેસીવ (માત્ર ૨ મીલીમીટર ના છેદ દ્વારા) તમામ વેઈન્સની સારવાર કરીએ છે.

**ઘૂંટણની ઉપરની મોટી નસો માટે**
**આર.એફ / લેસર** વાપરી નસને અંદરથી ગરમી આપી બંધ કરવામાં આવે છે, સમય જતાં આ નસ શરીરમાં શોપાઈ જાય છે. આ ટ્રીટમેન્ટ ડે કેર (Day Care) માં પણ કરી શકાય છે. માત્ર લોકલ એનેસ્થેશીયા તેમજ ફીમોરલ નર્વ બ્લોકમાં આપી ટ્રીટમેન્ટ થઈ જાય છે. દર્દી ૨ થી ૪ કલાકમાં હરી ફરી શકે છે તેમજ સાંજે ઘરે જઈ શકે છે. આ ટ્રીટમેન્ટમાં કોઈ ટાંકા કે ચેકા આવતા નથી. ઓપરેશન બાદ દર્દીઓ ૭ થી ૧૦ દિવસ સ્ટોકીંગ્સ પહેરવાના રહે છે.

RFA / LASER




Disposable catheter inserted into vein | Vein heats and collapses | Catheter withdrawn, Closing vein




**સ્પાઇડર વેઈન** માટે અત્યાધુનિક સ્પોટ **લેસર** પદ્ધતિ તેમજ માઇક્રોફોમ સ્ક્લેરોથેરાપી કરવામાં આવે છે.

**ઘૂંટણની નીચેની નસો માટે લેસર કે આર.એફ વાપરવામાં આવતાં નથી.**

(1) USG guided foam Sclerotherapy:
સોનોગ્રાફીમાં જોઈ પહોળી નસોમાં કેમીકલ ઇન્જેક્શન આપી તેમને બંધ કરવામાં આવે છે.






વેરીકોઝ વેઈન્સનો કાયમી ઈલાજ શું છે.

(2) Phlebectomies:
ખૂબ પહોળી થયેલી તેમજ વધુ પડતી ગૂંચળા જેવી નસોને ખાસ પ્રકારના હૂક વડે (૨ મીલીમીટર ના છેદમાંથી) કાઢી લેવામાં આવે છે.

આમ RFA સ્ક્લેરો - ફ્લેબેક્ટોમી કરી ટ્રીટમેન્ટ પૂર્ણ કરવામાં આવે છે.




**સ્ટેજ-૬ વીનસ અલ્સર ની ટ્રીટમેન્ટ શું છે ?**

વધુ પડતા સોજા અને ચાંદા માટે ખાસ (4 layer bandages) ચાર પાટાની ટ્રીટમેન્ટ આપવામાં આવે છે.



આ પદ્ધતિથી ઘણાં વર્ષોથી ન મટતા ચાદાં પણ મટાડી શકાય છે.

### વેરીકોઝ વેઈન્સ



Before After

### વીનસ અલ્સર (૧)



Before After

### વીનસ અલ્સર (૨)



Before After

## ટેસ્ટિમોનીયલ

મને વેરીકોઝ વેઇનને લીધે સતત પગનો દુઃકાવો રહેતો હતો.ડો.સૃજલ શાહ દ્વારા વેરીકોઝનું ઓપરેશન કરવામાં આવ્યું અને ત્યારબાદ મને ૧૦૦% સારુ છે. હું હવે યોગા,જોગીગ, રનીગ તેમજ ડાન્સ કોઇ પણ તકલીફ વગર કરી શકું છું. હોસ્પિટલ સરસ છે, સ્ટાફ ખુબ જ સારો છે, હું કોઇ પણ વાસ્ક્યુલર બિમારી માટે ડો.સૃજલ શાહનું નામ સજેસ્ટ કરું છું. થેન્ક યુ ડો.સૃજલ.

**- ભૂમિકા પ્રજાપતિ (ફીઝિયોથેરાપીસ્ટ)**
**૧૧ મે,૨૦૧૫**

ડો.સૃજલ શાહ અત્યંત પ્રભાવશાળી, હોશિયાર અને કાળજી લેનાર સર્જન છે. હું તેમને મળવા બદલ ખુબ ભાગ્યશાળી માનું છું. તેઓ ખરેખર કાળજી કરે છે. તેઓ ખુબ જ પ્રોફેશનલ છે અને દર્દીના સારા થવામાં અતિશય ધ્યાન આપે છે.

**- સારાંશ સક્સેના (લંડન)**
**૭ જાન્યુઆરી,૨૦૧૫**

ઈંડોવાસ્ક હોસ્પિટલ - સાફ હોસ્પિટલ, સરસ રિસેપ્શન, સારી સેવાઓ. ડો.સૃજલ શાહ દ્વારા અપાતી ખુબ જ ચોક્કસ સલાહ. હું ઓવરઓલ ૧૦/૧૦ પોઈન્ટ આપીશ અને તમામ દર્દીઓને વેરીકોઝ વેઇન તેમજ અલ્સર માટે ટ્રીટમેન્ટની સલાહ આપીશ.

**- રાજકુમાર જૈન**
**૨૩ ડીસેમ્બર, ૨૦૧૪**

## FAQ આપના પ્રશ્નો અને એના સમાધાન

**(૧) શું મારે હમાણાં ટ્રીટમેન્ટ કરવાની જરૂર છે ? હું કેટલું ખેચી શકું ?**
જવાબ :- સૌ પ્રથમ મળો તમારા વાસ્ક્યુલર સર્જનને અને જાણો તમે કયા સ્ટેજમાં છો. જરૂર પડશે તમારી પગની નસોની સોનોગ્રાફી કરી વાલ્વ તપાસવામાં આવેશે.
- જો સ્ટેજ-૨ કે તેથી વધુ તકલીફ હોય અને વાલ્વ મોટા પાયે લીક હોય તો સારવાર કરાવવી હિતાવહ છે. વેરીકોઝ ની સારવાર એ કોઈ ઈમરજન્સી કે અર્જન્સી નથી, સિવાય કે નસ ફાટીને બ્લીડિંગ થાય કે નસોમાં લોહી ગંઠાઈ જાય. પરંતું જે બીમારી દવાથી સારી થવાની નથી અને આગળ જતા તમારી ક્વોલિટી ઓફ લાઈફને અસર કરવાની છે એની સમય કાઢી સારવાર લઈ લેવી સારી.
હા, દરેક દેખાતી નસનો સારવાર જરૂરીનથી, આ માટે જ તમારે એકસપર્ટ વારક્યુલર સર્જનને મળવું જોઈએ.

**(૨) શું વેરીકોઝ વેઈન્સ સારવાર પછી ફરી થાય ?**
જવાબ :- યોગ્ય રીતે કરેલ સારવારની સફળતા ૯૫ થી ૯૮% જેટલી છે. જ્યારે સ્ટ્રીપીંગની સફળતા ૮૫% જેટલી છે. આનો મતલબ આર.એફ તથા લેસર બાદ વેરીકોઝ ફરી થવાની શક્યતા નહીવત છે.

**(૩) આર. એફ. સારૂં કે લેસર ?**
જવાબ :- બંને પદ્ધતિમાં સક્સેર રેટ સરખાજ છે (૯૫%)
વધુ પહોળી નસો માટે લેસર હિતાવહ છે. સામાન્ય નસો માટે આર.એફ. સારૂં હોવાના કારણોમાં લેસરની સરખામણીમાં આર.એફમાં દુઃખાવો અને બ્રુઝ (ઝાબાં) ઓછા થાય છે.

**(૪) સારવારમાં રહેલા જોખમો ક્યાં છે. ?**
જવાબ :- જો લેસર કે આર. એફ. ની ગરમી અંદરની નસ પર અસર કરે તો ડી.વો.ટી. (લોહી ગંઠાવું) થઈ શકે છે. આમ ન થાય તે માટે ફાઈબર ને SF Junctionથી ૨ સે.મી. દૂર રાખવામાં આવે છે.સ્કોલેરોથેરાપી પણ નક્કી માત્રામાંજ આપવામાં આવે છે, જેથી દવાની આડઅસર ન થાય.

**(૫) કેટલા દિવસ આરામની જરૂર છે. ?**
જવાબ :- બેડરેસ્ટની (આરામ) જરૂર બિલકુલ નથી.
- બીજા જ દિવસથી આપ ઘરકામકરી શકો તેમજ જોબ પર જઈ શકો છો.
- ભારે વજન ઊઠાવવાની તથા ભારે કસરતની ૭ થી ૧૦ દિવસ મનાઈ છે.

**(૬) ફરી બતાવવા ક્યારે આવવાનું ?**
જવાબ :- ટ્રીટમેન્ટના ૩ દિવસબાદ જાતે જ પ્રેશર ડ્રેસીંગ બદલી નાખવાનું રહે છે, તથા નાહી શકાય છે.
- ૧ મહિનાબાદ ફરી બતાવવા આવો ત્યારે તમારી શિરાઓ ડોપ્લર દ્વારા ફરી ચેક કરવામાં આવશે. તેમજ જરૂર જણાશે તો ૨nd sitting sclero આપવામાં આવશે.

**(૭) ઈંડોવાસ્ક હોસ્પિટલ જ શા માટે ?**
ડો.સૃજલ શાહ ગુજરાતના સૅવપ્રથમ એમ.સી. એસ વાસ્ક્યુલર સ્પેશીયાલિસ્ટ છે, જેમણે શ્રી ચિત્રા જેવા નેશનલ ઇંસ્ટિટ્યૂટમાંથી ટ્રેઈનીંગ લીધી છે, અને આયલેન્ડમાં સૅંટ જેમ્સ જેવી ખ્યાતનામ હોસ્પિટલમાંથી વેઈન્સનો એડવાન્સ ફેલોશીપ કરેલ છે. તેઓ વેરીકોઝ વેઈન્સ માટે માત્ર અમદાવાદ કે ગુજરાત જ નહીં પણ સમગ્ર પશ્રિમભારતમાં પ્રખ્યાત છે અને વર્ષોથી ન મટતી વેરીકોઝ વેઈન્સ તેમજ વીનસ અલ્સર મટાડીને તેઓ પોતાની કુશળતા વારંવાર સાબિત કરી ચૂક્યા છે.ઇંડોવાસ્ક હોસ્પિટલ એ વાસ્ક્યુલર સર્જરી માટેની તમામસુવિધા ધરાવતું એક એવું સેન્ટર છે, જ્યાં વીનસ ડોપ્લર થી માંડી વીનોપ્લાસ્ટી અને માઈક્રોફોમસ્કલેરો થેરાપીથી માંડી એડવાન્સ્ડ વુન્ડકેર સોલ્યુસન્સ ઉપલબ્ધ છે.

**(૮) દરેક પગના દુઃખાવા વેરીકોઝ વેઈન્સના લીધે હોય ?**
જવાબ :- આ ખોટી માન્યતા છે, વેઈન્સ અને પેઈન (દુઃખાવા) ને સીધો સબંધ નથી. દુઃખાવો હોય એ કેસમાં દુઃખાવાના બીજા કારણો જેમકે, વિટામીન બી૧૨, ડી૩, ની કમી, ઘૂંટણનાં દુઃખાવા, ડાયાબિટીક ન્યુરોપથી તેમજ ધમનીની બિમારીઓ તપાસી લેવા આત્યાવશ્યક છે, નહીં તો સારવાર બાદ પણ દુઃખાવો રહી શકે છે.

**(૯) સારવારમાં કેટલો ખર્ચ થાય ?**
જવાબ :- આર.એફ. સ્કલેરો કે ફ્લેબેકટોમી ત્રણમાંથી તમારામાં કઈ ટેકનીક થી સારવાર કરવામાં આવશે એ મુજબ ખર્ચ નક્કી થાય.

**(૧૦) મેડીક્લેઈમમાં આ ખર્ચ મળી શકે ?**
જવાબ :- હા